પેટ્રોલ-ડિઝલની કિંમતમાં વધારો

વેટ-સેલટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં ૮૨ પૈસાનો વધારો : ગુજરાતમાં પેટ્રોલ ઉપર ૯૦ અને ડિઝલ ઉપર ૭૦ પૈસાના વેટને ગણવામાં આવે તો એકંદરે ભાવ વધારા કરતા વધુ કિંમત હવેથી લોકોને ચુકવવી પડશે

અમદાવાદ, તા. ૧૫

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર વધારો કરવામાં આવ્યો હતો. સતત છ મહિના સુધી બંનેની કિંમતમાં ઘટાડવાનો દોર હાથ ધર્યા બાદ આજે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય લીટરદીઠ ૮૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે જ્યારે ડિઝલની કિંમતમાં ૬૧ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. ગુજરાતમાં ૯૦ પૈસા વેટને ગણવામાં આવે તો અમદાવાદમાં પેટ્રોલની કિંમત ૬૦.૩૯ થઇ છે. આવી જ રીતે ડિઝલની કિંમતમાં ગુજરાતમાં ૭૦ પૈસાના વેટને ગણવામાં આવે તો આ વધારો અમદાવાદમાં લીટરદીઠ ૫૧.૮૦ થયો છે. અમદાવાદમાં પેટ્રોલની કિંમત હાલમાં ૫૯.૪૯ છે. આમા ૮૨ પૈસાનો વધારો અને ૯૦ પૈસાના વેટને એક સાથે ઉમેરવામાં આવે તો ૬૧.૨૧ રૂપિયા થયો છે. આવી જ રીતે ડિઝલમાં ૭૦ પૈસાના વેટ અને ૬૧ પૈસાના વધારાને ગણવામાં આવે તો અમદાવાદમાં ડિઝલનો ભાવ વધીને ૫૨.૪૧ રૂપિયા થાય છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ હવે ૫૭.૩૧ થશે. જ્યારે ડિઝલની કિંમત હાલમાં ૪૬.૦૧ની સામે વધીને ૪૬.૪૨ થશે. ઓઇલ કંપનીઓ દ્વારા આ વધારાની આજે જાહેરાત કરવામાં આવી હતી. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સુધારો ચોથી ફેબ્રુઆરીના દિવસે કરાયો હતો તે વખતે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૨.૪૨ અને ૨.૨૨પનો સુધારો કરાયો હતો. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં રેકોર્ડ ઘટાડો થયા બાદ હાલમાં ઘટાડાનો દોર ચાલી રહ્યો હતો. સતત ઘટાડો કરવામાં આવ્યો હતો. આજના વધારા બાદ પેટ્રોલની કિંમત સપ્ટેમ્બર ૨૦૧૦ બાદથી સૌથી ઓછી રહી છે જ્યારે વધારો કરાયા બાદ પણ ડિઝલની કિંમત માર્ચ ૨૦૧૩ બાદથી સૌથી ઓછી છે. એકંદરે પેટ્રોલની કિંમતમાં ઓગસ્ટ બાદથી ૧૦ વખત ઘટાડામાં લીટરદીઠ ૧૭.૧૧નો ઘટાડો કરાયો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ઓક્ટોબરમાં તેની કિંમતોને અંકુશ મુક્ત કરાયા બાદથી લીટરદીઠ ૧૨.૯૬નો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે.

આ ઘટાડો ખુબ મોટો છે પરંતુ નવેમ્બર બાદથી સતત ચાર વખત એક્સાઇઝ ડ્યુટીમાં વધારો કરાયો હતો. પેટ્રોલ ઉપર લીટરદીઠ ૭.૭૫ અને ડિઝલ ઉપર ૭.૫૦નો વધારો કરાયો હતો. રિટેલ કંપનીઓનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં એકાએક વધારો થયો છે જેના કારણે ભાવમાં વધારો કરવાની ફરજ પડી છે.

બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદા વધુ ૫૦૦૦૦ વધી શકે

બચતને વધારવાનો મુખ્ય હેતુ : સામાન્ય લોકો જુદા જુદા ભથ્થાઓની મુક્તિ મર્યાદા વધે તે માટે પણ ઇચ્છુક બન્યા

નવી દિલ્હી,તા. ૧૫

નરેન્દ્ર મોદી સરકાર ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરનાર છે. નાણાંપ્રધાન અરૂણ જેટલી તેમનુ પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કરશે. જેમાં પગારદાર વર્ગોને કેટલીક રાહત આપી શકે છે. જેટલી સબકા સાથ સબકા વિકાસના ઉદ્દેશ્ય સાથે બજેટ રજૂ કરે તેવી શક્યતા છે. ભારતના વિકાસમાં સામાન્ય લોકોની હિસ્સેદારી વધે તે જરૂરી છે. સરકાર બચત પર પણ ધ્યાન આપનાર છે. બજેટથી સામાન્ય લોકો કેટલીક અપેક્ષા રાખી રહ્યા છે. મોદી સરકારે તેના પ્રથમ બજેટમાં મુક્તિ મર્યાદામાં ૫૦,૦૦૦ સુધીનો વધારો કર્યો હતો. જો કે સામાન્ય લોકો વધારે આવકવેરા મુક્તિ મર્યદાની ઇચ્છા રાખી રહ્યા હતા. આ વખતે ફરી આવકવેરા મુક્તિ મર્યાદામાં ૫૦૦૦૦નો વધારો કરવામાં આવી શકે છે. ડીટીસી સ્થાયી સમિતી દ્વારા કરવામાં આવેલા સુચન મુજબ તેને ૨૫૦૦૦૦થી વધારીને ત્રણ લાખ કરવામાં આવી શકે છે. આનાથી મેક્રો સ્તરે રોકાણ વધશે. બજેટ વર્ષ ૨૦૧૪માં સરકારે ડિડક્શન અન્ડર સેક્સન ૮૦સીને એક લાખથી વધારીને દોઢ લાખ કરવામાં આવતા ચર્ચા રહી હતી. મુક્તિ મર્યાદામાં વધુ વધારો કરવામાં આવી શકે છે. આ મર્યાદાને ૧૫૦૦૦૦થી વધારીને ૨૫૦૦૦૦ કરવામાં આવી શકે છે. આનાથી રાષ્ટ્રીય સ્તરે બચતમાં વધારો થઇ શકે છે.જેટલી પરિવહન ભથ્થા મુક્તિ મર્યાદામાં વધારો કરવામાં આવી શકે છે. અન્ય જુદા જુદા ભથ્થામાં વધારો કરવામાં આવી શકે છે.

ફિક્સ્ડ ડિપોઝીટમાં રોકાણને કરદાતામાં લોકપ્રિય રોકાણ તરીકે ગણવામાં આવે છે. ચોક્કસ રોકાણકારો માટે પાંચ વર્ષનો લોક ઇન પિરિયડને ઘટાડીને ત્રણ વર્ષ કરવામાં આવી શકે છે. જેથી રોકાણકારો વધારે આકર્ષિત થશે. આને સેક્શન ૮૦સી હેઠળ ત્રણ વર્ષ માટે લોક ઇનની સુવિધા આપનાર ઇએલએસસ જેવી સ્કીમ મુજબ કરવામાં આવી શકે છે. આથી પણ બચતને પ્રોત્સાહન મળી શકે છે.

બોલિંગ, ફિલ્ડિંગ, બેટિંગમાં પાકિસ્તાનનો ફ્લોપ શો રહ્યો

ભારતે પણ છેલ્લી પાંચ ઓવરમાં ૨૭ રન કર્યા : નિર્ણાયક ઓવરમાં ભારતના ફ્લોપ શોથી જુમલો ઓછો

એડિલેડ,તા. ૧૫

એડિલેડના મેદાન પર ભારતીય ટીમે આજે પાકિસ્તાનને બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગ ત્રણેયમાં પછડાટ આપી હતી. ભારતીય બેટિંગ ઓર્ડરમાં ટોપ આર્ડરના બેટ્સમેનોએ શાનદાર બેટિંગ કરી હતી જેમાં શિખર ધવન, વિરાટ કોહલી અને સુરેશ રૈના છવાઈ ગયા હતા. જો કે, ભારતીય છાવણીમાં એ વખતે સોપો પડી ગયો હતો જ્યારે રોહિત શર્મા માત્ર ૧૫ રન કરી આઉટ થયો હતો. શરૂઆતમાં ધીમી બેટિંગ બાદ ભારતીય બેટ્સમેનોએ ઝડપથી રન કર્યા હતા. તીવ્ર ગરમી વચ્ચે પણ ભારતીય બેટ્સમેનોએ ઉત્કૃષ્ટ બેટિંગ કરી હતી. એડિલેડ ઓવલમાં કોહલીએ શાનદાર ફોર્મ જાળવી રાખ્યું હતું.

જો કે, છેલ્લી પાંચ ઓવરમાં

ભારતે કંગાળ રમત રમતા ૩૨૫થી વધુનો અંદાજિત સ્કોર હાંસલ કરવાનામાં ભારતીય ટીમ નિષ્ફળ રહી હતી. ભારતે છેલ્લી પાંચ ઓવરમાં માત્ર ૨૭ રન કર્યા હતા અને પાંચ વિકોટ પણ ગુમાવી હતી જેથી છેલ્લી ઓવરમાં નાટ્યાત્મક પરિવર્તનની સ્થિતિ જોવા મળી હતી. શાનદાર વાપસી પણ પાકિસ્તાન ટીમે કરી હતી પરંતુ બોલિંગમાં ભારતીય બોલરો સ્કોરને ડિફેન્સ કરવામાં સફળ રહ્યા હતા અને અંતે શાનદાર જીત મેળવી લીધી હતી.

રિન્યૂએબલ એનર્જીને વધુ વધારાશે : ગોયેલ

નવીદિલ્હી, તા. ૧૫

ઓવરઓલ બાસ્કેટમાં રિન્યુએબલ એનર્જી શેરને લઇને ગણતરીનો દોર શરૂ થઇ ગયો છે. સરકાર આમા હિસ્સેદારીને બે ગણી કરવાની તૈયારી કરી છે. કેન્દ્રીય પ્રધાન પીયુષ ગોયેલે આજે આ મુજબની વાત કરી હતી. હાલમાં રિન્યુએબલ એનર્જી છ ટકા હિસ્સેદારી ધરાવે છે જેને બે ગણી કરવાની યોજના છે. દેશભરમાં તેની હિસ્સેદારી ૧૫ ટકાથી વધુ લઇ જવામાં આવે તે દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. રિન્યુએબલ એનર્જી માટે દેશના મિશનમાં પાંચ ગણો વધારો થઇ શકે છે.

તેમણે કહ્યું હતું કે, રી-ઇન્વેસ્ટ તરફ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રોકાણકારોને પ્રભાવિત કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. ગોયેલે કહ્યું હતું કે, સરકાર રુટ ટોપ સોલાર મોડલ ઉપર કામ કરી રહી છે. આનાથી ઘણો ફાયદો થશે. સરકારે કહ્યું હતું કે, તે સોલાર પાવર કેપેસીટીને વધારશે.

કેજરીવાલના ઘરની બહાર પ્રદર્શનથી તંગદિલી ફેલાઈ

ઝુંપડપટ્ટી તોડવામાં આવતા સ્થાનિકો દ્વારા દેખાવો : કોસાંબી સ્થિત આવાસની બહાર દેખાવો : સુરક્ષા મજબૂત

નવીદિલ્હી, તા. ૧૫

દિલ્હીના સહાદરા વિસ્તારમાં કેટલીક ઝુંપડપટ્ટી તોડવામાં આવ્યા બાદ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના કોસાંબી સ્થિત આવાસની બહાર જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કેટલાક નોકરી મેળવવા ઇચ્છુક લોકોએ પણ દેખાવો કર્યા હતા. દિલ્હીના સહાદરામાં પહેલવાન ક્ષેત્રના નજીકના લોકોએ દેખાવ કર્યા હતા. કેજરીવાલે ગઇકાલે શપથ લીધા ત્યારે જ ઝુંપડપટ્ટીને તોડવામાં આવી હતી. આજે સવારે ૪૦થી વધુ લોકોએ દેખાવો કર્યા હતા. અધિકારીઓએ ભારે ઉદાસીનતા દાખવી છે. અધિકારીઓએ મકાનો જ તોડ્યા ન હતા બલ્કે ખરાબ વર્તન પણ કર્યું હતું. મહિલા કોન્સ્ટેબલોએ ખરાબ વર્તન કર્યું હતું. નાના બાળકો સાથે પણ ખરાબ વર્તન કરાયું હતું. આ સંદર્ભમાં પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, આ લોકો સરકારી જમીન ઉપર ઝુંપડપટ્ટી બનાવવાના પ્રયાસમાં હતા. પોલીસ કર્મીઓને માહિતી મળ્યા બાદ તેમને રોકવામાં આવ્યા હતા. હકીકતમાં પોલીસે કોઇ ગેરકાયદે બાંધકામો પણ તોડ્યા નથી. બનાવમાં કેટલાક લોકોને ઇજા થઇ હોવાનું પણ જાણવા મળ્યું છે. દેખાવકારોએ આમ આદમી પાર્ટીના સ્થાનિક ધારાસભ્ય રામનિવાસ ગોયેલની સાથે પણ ખરાબ વર્તન કર્યું હતું. કેજરીવાલના આવાસની બહાર હિંસક પ્રદર્શનના કારણે થોડાક સમય માટે તંગદિલી ફેલાઈ ગઈ હતી. આમ આદમી પાર્ટી દ્વારા આ સંબંધમાં હજુ સુધી કોઇ પણ પ્રકારની પ્રતિક્રિયા આપવામાં આવી નથી. એએપીએ હાલમાં જ દિલ્હીમાં જંગી બહુમતિ સાથે જીત મેળવ્યા બાદ સત્તા સંભાળી છે.

ઉર્જા સંરક્ષણ પર ખાસ ધ્યાન આપવાની હવે જરૂર : મોદી

દેશને બદલવા માટે બદનામી સહન કરવી પડશે : મફતમાં વિજળી આપવાના વચનના મામલે કેજરીવાલની પરોક્ષરીતે ઝાટકણી : વિજળીના મહત્વ પર મોદીનો ભાર

નવીદિલ્હી, તા. ૧૫

વિજ્ઞાન ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રી-ઇન્વેસ્ટ ૨૦૧૫ રિન્યુએબલ એનર્જી ગ્લોબર ઇન્વેસ્ટર્સ મિટ એન્ડ એક્સ્પોમાં સંબોધન કર્યું હતું જેમાં મોદીએ ઉર્જા સંરક્ષણ ઉપર ભાર મુક્યો હતો. મોદીએ કહ્યું હતું કે, માનવ વિકાસમાં એનર્જીની ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા છે. ભાષણ દરમિયાન મોદીએ મફત વિજળી આપવાના ચૂંટણી વચનોની પરોક્ષરીતે ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, એવા લોકો મફત વિજળી આપવાની જાહેરાતો કરી રહ્યા છે જે લોકો પાસે વિજળી નથી. તેમણે કહ્યું હતું કે, દેશને બદલવા માટે બદનામીનો સામનો પણ કરવો પડશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પરોક્ષ ઝાટકણી તરીકે પણ આને ગણવામાં આવે છે. ઉર્જાના મર્યાદિત સંશાધનો અને આયાતની ઉંચી કિંમતના સંદર્ભમાં મોદી ઇચ્છે છે કે, શૌર અને પવન ઉર્જા જેવા અક્ષય ઉર્જાક્ષેત્રોમાં ઇનોવેશન અને શોધ ઉપર ખાસ ભાર મુકવામાં આવે. પ્રત્યેક પરિવારને પુરતા પ્રમાણમાં વિજળી ઉપલબ્ધ થાય તે અતિ જરૂરી છે. મોદીએ અક્ષય ઉર્જા વૈશ્વિક મૂડીરોકાણ બેઠકને સંબોધતા કહ્યું હતું કે, ટેકનોલોજીના ક્ષેત્રોમાં પણ પગલા લેવાની જરૂર છે. ગુજરાતના મુખ્યંમત્રી તરીકે પોતાના અનુભવની યાદ કરતા તેમણે કહ્યું હતું કે, શૌર ઉર્જાનો ઉપયોગ સિંચાઈ પંપ ચલાવવા અને માઇક્રો ઇરિગેશન મારફતે પાકની ઉત્પાદકતા વધારવા માટે કરવામાં આવી શકે છે. નહેરની ઉપર શૌર પેનલ માત્ર વિજળી ઉત્પાદનમાં જ મદદરુપ થશે નહીં બલ્કે અન્ય રીતે પણ મદદરુપ થશે. મોદીએ શૌર અને પવન ઉર્જા મારફતે હાઈબ્રીડ વિજળી ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની પણ વાત કરી હતી. ઉર્જા સંરક્ષણ આજે સમયની જરૂરીયાત છે. જેટલી વિજળીની બચત થશે તે રીતે આગામી પેઢીને બચાવી શકાશે. પોતાના ભાષણ દરમિયાન મોદી પરોક્ષરીતે કેજરીવાલની ઝાટકણી પણ કાઢી હતી અને કહ્યું હતું કે, મફતમાં વિજળી આપવાની જાહેરાત જેમની પાસે વિજળી નથી તે લોકો કરી રહ્યા છે.

ઈપીએફઓ પેન્શન સ્કીમ વયમર્યાદા વધીને ૬૦ થશે

વયમર્યાદા ૫૮થી વધારીને ૬૦ કરવા તૈયારી : હાલ ઈપીએસ-૯૫ હેઠળ આવરી લેવામાં આવેલા ફોર્મલ સેક્ટર વર્કર ૫૮ સુધી પેન્શનમાં યોગદાન આપી શકે છે

નવીદિલ્હી, તા. ૧૫

રિટાયરમેન્ટ ફંડ બોડી ઈપીએફઓના ટસ્ટ્રીઓની બેઠક ગુરૂવારના દિવસે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં યોજનાર છે. જેમાં વિવિધ પાસાઓ પર ચર્ચા કરવાની સાથે સાથે ઈપીએફઓ પેન્શન સ્કીમ હેઠળ વય મર્યાદાને વધારીને ૫૮ના બદલે ૬૦ કરવામાં આવે તેવી શક્યતા છે. ઈમ્પ્લોઈસ પેન્શન સ્કીમ (ઈપીએસ-૯૫) હેઠળ પેન્શન મેળવવા માટે વય મર્યાદાને વધારવાના પાસા પર વિચારણા ગુરૂવારના દિવસે કરવામાં આવનાર છે. હાલમાં ઈપીએસ-૯૫ હેઠળ આવરી લેવામાં આવેલા પોર્મલ સેક્ટરના વર્કર૫૮ વર્ષની વય સુધી પેન્શન સ્કીમમાં યોગદાન આપી શકે છે. ત્યારબાદ પેન્શન માટે દાવો કરી શકે છે. પેન્શન ઈમ્પ્લીમેન્ટેશન કમિટી દ્વારા પેન્શન માટેની વયને વધારીને ૬૦ વર્ષ કરવા માટેની માંગ કરી છે.

આ સમિતીએ એવુ સુચન પણ કર્યું છે કે કેટલાક નવા સુચન કરવામાં આવે તે જરૂરી છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે વયમર્યાદામાં વધારો કરવાથી પેન્શન ફંડમાં ડેફિસીટને ઘટાડી શકાય છે. સાથે સાથે સભ્યોના પેન્શન લાભને વધારી શકાય છે. કારણ કે સર્વિસના બે વધુ વર્ષ રહેશે. સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની ટોપ બેઠક ઈપીએફઓની બેઠક માટે એજન્ડા પર કામ થઈ ચુક્યુ છે. અહેવાલ અને નિષ્ણાંતોના કહેવા મુજબ વય મર્યાદામાં વધારો કરવાથી પેન્શન ફંડમાં શોર્ટફેલને ઘટાડી શકાશે. ડેફિસિટની સપાટી વધારે ચિંતાજનક દેખાઈ રહી નથી. સમિતીએ અન્ય કેટલાક મહત્વપૂર્ણ સુચન પણ કર્યા છે. જે પૈકી શોર્ટ સર્વિસ પેન્સન અધિકાર વયને ૫૦થી વધારીને ૫૫ કરવાની માંગ કરવામાં આવી ચુકી છે.

૨૧ ખાણ માટે ૧૩૦ ટેકનિકલ બીડ મળ્યા : એસ્સાર, હિન્ડાલ્કો પણ મેદાનમાં

નવીદિલ્હી, તા. ૧૫

સરકારને હાલમાં ચાલી રહેલી હરાજીના બીજા તબક્કામાં ઓફર ઉપર ૨૧ કોલસા બ્લોક માટે એસ્સાર પાવર, હિન્ડાલ્કો, અદાણી પાવર અને જિંદાલ પાવર જેવી કંપનીઓ તરફથી ૧૩૦ બીડ મળી ચુક્યા છે. ઓરિસ્સામાં ઉત્કલ સી બ્લોક માટે સૌથી વધુ ૧૬ બીડ આવ્યા છે. બીડરોમાં જિંદાલ પાવર, એસ્સાર પાવર, સેસા સ્ટરલાઇટ અને અદાણી પાવર મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. અન્ય બ્લોક ગારે પાલમા માટે ૧૩ બીડ મળ્યા હતા. હિન્ડાલ્કો, જેએસપીએલ, સેસા સ્ટરલાઇટ અને બાલ્કો જેવી કંપનીઓ તરફથી બીડ મળ્યા છે. સરકારી અધિકારીઓએ કહ્યું છે કે, જવાબ અપેક્ષા મુજબ મળી રહ્યો છે. ખાનગી કંપનીઓ પણ આગળ આવી છે. બીડિંગ પ્રક્રિયાને લઇને ગણતરી ચાલી રહી છે. કોલસાબ્લોક વિજળી પાવર, સ્ટીલ, સિમેન્ટ અને સીપીપી માટે છે. બીડિંગને લઇને છેલ્લા ઘણા સમયથી ઉત્સુકતા દેખાઈ હતી.

ચર્ચાસભા

● અનુસંધાન ચોથાનું ચાલુ

તેવી માન્યતા ખોટી છે. બાળક નાનો હોય ત્યારથી ચાલો પ્રયોગ કરીએ... ચાલો રમતાં...રમતાં શીખીએ...જેવી પ્રવૃત્તિઓથી જ બાળકની સમજ શક્તિ વિકસે.. અને પછી જ તે વિજ્ઞાનના અઘરા-નિયમો અને સિદ્ધાંતોને સરળતાથી સમજે છે.

ઉપરની વાતને સમર્થન આપતું એક ઉદાહરણ આપીશ. આ વર્ષે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા ગાંધીનગરમાં બે વખત ''સાયન્સ એક્ષ્પ્રેસ' આવી. જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષે ભરપુર માહિતી હતી. ૧૫ જેટલા ટ્રેનના કોચમાં રમત, પઝલ, મોડેલ, ચાર્ટસ અને ઓડીયો-વિડીયો પ્રોગામનો સમાવેશ થયો હતો.. મારો પહેલો પ્રશ્ન કેટલી શાળાઓ પોતાના વિદ્યાર્થીઓને ઘર આંગળે આવેલી આ ટ્રેનની મુલાકાતે લઈ ગયા..? અને માનો કે જે શાળાઓ આ વિદ્યાર્થીઓને લઈ ગયા તે સારી બાબત છે... હું તેમને અભિનંદન આપીશ.. પણ વિદ્યાર્થીઓએ શું જોયું તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ખરૂ..? તા. ૫ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન ગાંધીનગર આવેલી ટ્રેનને જોવા હું ગયો હતો. ટ્રેનના કોચમાં મેં શું જોયું..? વિદ્યાર્થીઓ બિલકુલ માહિતીને વાંચ્યા વગર.. આમ તેમ.. જોતાં જોતા.. આગળ ચાલ્યા જતા હતા... કોચમાં મુકેલા મોડેલોને સમજવાને બદલે તેની સાથે રમત કરતા હતા. ગેમ્સના બટનો ગમે તેમ દબાવીને સમજવાના બદલે તેને નુકશાન પહોંચડતા હતા.. આ એક શિક્ષણ જગત માટે દુઃખદ બાબત છે... એક પણ વિદ્યાર્થીના હાથમાં લખવા માટે ડાયરી કે નોટબુક ન હતી. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ... યુનિફોર્મમાં ઉભેલા એક ઈંગ્લીશ મિડીયમ સ્કૂલના વિદ્યાર્થીઓની પાસે જઈને મેં પુછ્યું... પ્રદર્શન કેવું છે ?. સરસ..! શું..શું.. જોયું.. અંકલ... એ વધુ છે પક્ષીઓ અને એવું બધુ..! મેં કહ્યું જોતાં કેટલો સમય લાગ્યો..? તેણે જે જવાબ આપ્યો તે આંચકા જનક હતાં.. મેડમે કહ્યું હતું કે અડધા કલાકમાં પ્રદર્શન જોઈને બહાર નીકળી જવાનું... એટલે અમો બહાર નીકળી ગયા..! આનું નામ ''હીરો ઘોઘે જઈ આવ્યો..' આપણું શિક્ષણ આમ ચાલે છે... આ ટ્રેનને જોતાં મને આખો દિવસ લાગ્યો.. આવું જ નાસાના પ્રદર્શનમાં થવાનું... વિદ્યાર્થીઓ મોટી પેનલો અને મોડલો જોશે..! પણ કેટલું સમજશે તે પ્રશ્ન તો ઉભો જ રહ્યો..! મારી સંસ્થાઓને શાળાઓને વિનંતી છે કે આપ નાસાની મુલાકાતે લઈ જાઓ.. ચોક્કસ લઈ જાઓ પણ તે પહેલાં ભારતમાં આવેલી મહત્વની સંસ્થાઓની મુલાકાતે લઈ જાઓ.. નાસા જતાં પહેલાં આપણા ઘર આંગણે અમદાવાદમાં આવેલ ઈસરોનું પ્રદર્શન જોવા લઈ જાઓ. શરૂઆત ત્યાંથી કરો.. ઈસરો ભારતન અવકાશ સંશોધન કરતી વિશ્વના દેશોમાં સ્થાન ધરાવતી સંસ્થા છે. ચંદ્રાયાન-મંગલયાનના સફળ કાર્યક્રમો અને વિશ્વના જુદા જુદા દેશોનો એકી સાથે ૯-સેટેલાઈટ લોન્ચ કરનાર ભારતની સંસ્થાને દેખાડવાનું કરશો તો આપણું રાષ્ટ્રાભિમાન વધશે... સાથે સાથે નાસાને સમજવાની શક્તિ બાળકમાં આવશે.

વાલીમિત્રો... આજકાલ ઊંચા મેરીટની સ્પર્ધામાં બાળક.. પોપટીયા જ્ઞાન તરફ વળી જાય છે. આપણા વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદી વારંવાર સ્કીલ્ડની વાત કરે છે. આ સ્કીલ બાળકોમાં ત્યારે જ આવે જ્યારે વિદ્યાર્થી સતત પ્રયોગશીલ રહે... વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે પ્રયોગ એક ઉત્તમ માધ્યમ છે... અને તે માટે શાળાઓએ વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક કાર્યક્રમો સતત કરવા જોઈએ. સરકાર આ માટે સતત પ્રયત્નો કરે છે. પણ વ્યવસાયીક શાળાઓ તેની ગંભીરતા લેતા નથી. બાળકમાં સાચી વૈજ્ઞાનિક સમજ ત્યારે ખીલે જ્યારે વિદ્યાર્થીને એ પ્રકારનું વાતાવરણ મળે. આપણું સંતાન જે શાળામાં ભણે છે તે શાળાના આચાર્યશ્રી અને સંચાલકશ્રીને નીચેના પ્રશ્નો અચુક પુછજો... જો તેના જવાબ હા...માં મળે તો તમારૂ બાળક ચોક્કસ વૈજ્ઞાનિક અભિગમ સાથે આગળ વધશે..

(૧) શાળામાં ગુજકોસ્ટ સાયન્સ ક્લબ ચાલે છે ?

(૨) શાળામાં ડી.એન.એ. ક્લબ ચાલે છે ?

(૩) શાળામાં ઈકો ક્લબ ચાલે છે ?

(૪) ભારત સરકાર અને ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા વર્ષ દરમ્યાન નીચેના કાર્યક્રમો થાય છે. તેમાં શાળા ભાગ લે છે ?

● નેશનલ સાયન્સ સેમીનાર

● નેશનલ સાયન્સ ડ્રામ

● રૂરલ આઈ.ટી. ક્વીઝ

● ગુજકોસ્ટ સાયન્સ ક્વીઝ

● નેશનલ સાયન્સ ડે સેલીબ્રેશન

(૫) ભારત સરકારની 'વિપનેટ' ક્લબ શાળામાં ચાલે છે ?

(૬) ગુજરાત સરકારના જેડા દ્વારા ચાલતો 'બાલઊર્જા રક્ષકદળ' કાર્યક્રમમાં શાળા જોડાઈ છે ?

(૭) આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યોજાતો 'ઈન્ટેલ સાયન્સ ફેર' જેનું પ્રથમ ઈનામ ૫૦ હજાર ડોલર છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને જોડવામાં આવે છે ?

(૮) વિદ્યાર્થીને વૈજ્ઞાનિક બનવાની તક પુરી પાડતો કાર્યક્રમ 'ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ'માં શાળા ભાગ લે છે ?

(૯) વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ ખીલે અને ગણિતમાં રસ લેતા થાય તે માટે 'રામાનુજન મેટ્સ ક્લબ' ચાલે છે ?

(૧૦) શાળામાં અદ્યતન પ્રયોગ શાળા છે. અને જો હા... તો અભ્યાસક્રમમાં આવતા તમામ પ્રયોગો કરાવાય છે ?

(૧૧) અમદાવાદ સાયન્સ સીટી, બેંગ્લોર, કલકત્તા, ભોપાલ, મુંબઈના સાયન્સ મ્યુઝીયમો, નહેરૂ પ્લેનેટોરીયમ જોવા લઈ જવાય છે ?

(૧૨) તેજસ્વી વિદ્યાર્થીઓને વિજ્ઞાન માટે અપાતી સ્કોલરશીપ યોજના 'કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના'ની માહિતી વિદ્યાર્થીઓને અપાય છે ? શાળા તે જાણે છે ?

(૧૩) પ્રકૃતિ શિબિર, આકાશદર્શન, સાયન્સ વર્કશોપ, ઈન્ડસ્ટ્રીયલ વિજીટ જેવા કાર્યક્રમો શાળા યોજે છે ?

(૧૪) શાળામાં સાયન્સ કોર્નર બનાવ્યો છે ? આવી અનેક પ્રવૃત્તિઓ છે જે થી વિદ્યાર્થીમાં વૈજ્ઞાનિક અભિગમ ખીલે છે. હવે સમય પાકી ગયો છે કે માત્ર વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી બહાર કાઢી... સાચું સમજણ વાળુ અને વ્યવહારૂ જ્ઞાન આપવાની.. આશા રાખું છે કે મારી વાતને નકારાત્મક ન લેતાં.. શિક્ષણ જગતમાં રહેલી શૂન્યતાને સમજી.. હકારાત્મક કદમ ભરવા માટે પ્રયત્નો કરીશું તો... ચોક્કસ ભાવી પેઢીને સારા વૈજ્ઞાનિક આપી શકીશુ.

શબ્દ સમીપે

● અનુસંધાન ચોથાનું ચાલુ

'મારી આનંદયાત્રા' પુસ્તકના લેખત ભગવાનદાસ કુબેરદાસ પટેલનો જન્મ તા. ૧૯-૧૧-૪૩ના સાબરકાંઠા જિલ્લાના જામળા ગામે થયો હતો. એમ.એ., બી.એડ, પીએચ.ડી. સુધીનો અભ્યાસ ધરાવતા લેખકે શેઠ કે.ટી. હાઈસ્કૂલ ખેડબ્રહ્મા ખાતે સહાયક શિક્ષક તરીકે સેવાઓ આપેલ પરંતુ તેમનું મહત્વનું યોગદાન આદિવાસી સાહિત્ય પ્રચારક-પ્રસારક અને સંશોધકનું રહ્યું છે. તેજગઢના રાષ્ટ્રીય આદિવાસી અકાદમીના ઓનરરી ડાયરેક્ટર રહેલ લેખકને ભાષા સન્માન, ભારત એડસેબન્સ એવોર્ડ અને વનવાસી કલા સાહિત્ય એવોર્ડ તેમજ ફેબીશીય અને પારિતોષિકો મળેલ છે. લેખકની આ 'મારી આનંદયાત્રા' સૌ વાચંકો માટે પણ આનંદયાત્રા બની રહેશે તેવી શુભકામનાઓ સાથે પુસ્તકને આવકારૂ છું.

મારી આનંદયાત્રા

લેખક - ડો. ભગવાનદાસ પટેલ

પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૧

કિંમત - રૂ. ૩૦૦.૦૦

પ્રથમ આવૃત્તિ-૨૦૧૪